# આરાસણ તીર્થના લેખો.

આબુ પર્વતની પાસે આવેલા અંબાજી નામના હિંદુઓના પ્રસિદ્ધ દેવસ્થાનથી દક્ષિણ–પૂર્વ દિશામાં એક–દોઢ માઇલને છેટે કુંભારિઆ નામનું જે ન્હાનું સરખું એક ગામ વસે છે તેજ પ્રાચીન આરાસણ તીર્થ છે. તીર્થ એટલા માટે કે ત્યાં આગળ જૈનોના ૫ સુન્દર અને પ્રાચીન મંદિરો આવેલાં છે. મંદિરોની કારીગરી અને બાંધણી ઘણી જ ઉંચા પ્રકારની છે. બધાં મંદિરો આબુનાં મંદિરો જેવાં ધોળા આરસપહાણના બનેલાં છે. એ સ્થાનનું જુનું નામ 'આરાસણાકર' છે તેનો અર્થ 'આરસની ખાણ' એવો થાય છે. જૈનગ્રંથો જોતાં એ નામની યથાર્થતા તુરત જણાઈ આવે છે. પૂર્વે એ સ્થળે આરસની મ્હોટી ખાણ હતી. આખા ગુજરાત પ્રાંતમાં અહીંથી જ આરસ જતો હતો. વિમલસાહ અને વસ્તુપાલ તેજપાલ આદિએ આબુ વિગેરે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપર જે અનુપમ કારીગરીવાલા આરસના મંદિરો બનાવ્યાં છે તે આરસ આ જગ્યાએથી જ લઇ જવામાં આવ્યો હતો. ઘણી ખરી જિન-પ્રતિમાઓ પણ અહીંના જ પાષાણની બનેલી હોય છે. તારંગા પર્વત ઉપરના મહાન્ મંદિરમાં જે અજિતનાથ દેવની વિશાલકાય પ્રતિમા વિરાજિત છે તે પણ અહીંના જ પાષાણની બનેલી છે એમ सोमसौभाग्य काव्य જોતાં સ્પષ્ટ જણાય છે. એ કાવ્યમાં એ મૂર્તિના નિર્માણ બાબત આશ્ચર્યકારક રીતે લખવામાં આવ્યું છે કે–

જ્યારે ઈડરના સંઘપતી ગોવિંદ સેઠને તારંગા ઉપર અજિતનાથની નવીન પ્રતિમા પ્રતિષ્ટિત કરવાનો વિચાર થયો ત્યારે તે આરાસણમાં જઇને ત્યાંની પર્વતવાસીની અંબિકા દેવી (અંબામાતા) ની આરધના કરી. દેવી કેટલાક કાલ પછી સંતુષ્ટ થઈ સેઠને પ્રત્યક્ષ થઈ અને ઇપ્સિત વર માંગવા કહ્યું. સેઠે જણાવ્યું કે મ્હારે બીજી કોઈ વસ્તુની અપેક્ષા નથી ફકત એક જિનપ્રતિમા બનાવવી છે માટે એક વિશાલ શિલા આપો. એ સાંભળી દેવીએ જણાવ્યું કે પ્રથમ ત્હારા પિતા વચ્છરાજ સેઠે પણ મ્હારી પાસે આવી રીતે એક શિલાની યાચના કરી હતી પરંતુ તે વખતે શિલા ન્હાની હતી; હવે તે મ્હોટી થઈ છે તેથી તૂં સુખેથી તે લે અને પ્રતિમા બનાવ. દેવીની અનુમતિ પામી સેઠે ખાંણમાંથી શિલા કઢાવી અને તેને એક રથમાં મૂકી. પછી નૈવેદ્ય આદિ ઉત્તમ પદાર્થો દ્વારા દેવીની પૂજા કરીને ત્યાંથી તે શિલા લઈ રથ તારંગા તરફ ચાલ્યો. તેને ખેંચવા માટે સેંકડો બલવાન બળદો જોડવા પડયા હતા તથા સંખ્યાબંધ માણસો હાથમાં કોદાળા, કુહાડા અને પાવડા વિગેરે લઈ આગળ ચાલતા હતા અને રસ્તામાં રહેલા પત્થરો ફોડતા, ઝાડો કાપતા અને ખાડાઓ પૂરતા થકા રથને ચાલવા માટે માર્ગ સાફ બનાવતા હતા. આવી રીતે ધીમે ધીમે ચાલતો તે રથ કેટલાએ મહિના પછી તારંગે પહોંચ્યો હતો. વિગેરે.(જુઓ सोमसौभाग्य काव्य, सर्ग ७, पद्य ४२–५७.)



Jain Education International      For Private & Personal Use Only      www.jainelibrary.org

આર્કીઑલૉજીકલ સર્વે ઑફ઼ ઇંડિઆ, વેસ્ટર્ન સાર્કલ, ના સન્ ૧૯૦૫–૬ ના પ્રોગ્રેસ રીપોર્ટમાં કુંભારીઆના એ જૈન મંદિરો માટે વિસ્તારપૂર્વક લખાણ કરવામાં આવ્યું છે જેમાંથી કેટલોક ભાગ અત્ર આપવો ઉપયોગી થઇ પડશે.

" કુંભારીઆમાં જૈનોનાં સુંદર મંદિરો આવેલાં છે જેમની યાત્રા કરવા પ્રતિવર્ષ ઘણા જૈનો જાય છે. દંતકથા એવી ચાલે છે કે વિમલસાહે ૩૬૦ જૈન મંદિરો બંધાવ્યાં હતાં અને તેમાં અંબા માતાએ ઘણી દોલત આપી હતી. પછી અંબાજીએ તેને પૂછયું કે કોની મદદથી તેં આ દેવાલયો બંધાવ્યાં ? ત્યારે તેણે કહ્યું કે ' મ્હારા ગુરૂની કૃપાથી ' માતાજીએ ત્રણવાર તેને આવી રીતે પૂછયું અને એનો એજ જવાબ મળ્યો. આવી કૃતઘ્નતાથી ગુસ્સે થઇને તેમણે તેને કહ્યું કે જો જીવવું હોય તો ન્હાસી જા, તેથી તે એક દેવાલયના ભોંયરામાં પેઠો અને આબુ પર્વત ઉપર નિકળ્યો. ત્યાર બાદ માતાજીએ પાંચ દેવાલયો સિવાય સર્વ દેવાલયો બાળી ન્હાંખ્યા અને આ બળેલા પત્થરો હજુ પણ સર્વત્ર રખડતા જોવામાં આવે છે. ફાર્બસ સાહેબ કહે છે કે આ બનાવ કોઇ જ્વાળામુખી પર્વત ફાટવાથી બનેલો છે. પણ ગમે તેમ હોય તો પણ ત્યાં એટલા બધા બળેલા પત્થરો પડેલા છે કે જેથી ત્યાં પાંચ કરતાં વધારે મંદિરો હશે એમ અનુમાન થઇ શકે. "

" કુંભારીઆમાં મુખ્ય કરીને ૬ મંદિરો છે જેમાંનાં પાંચ જૈનોનાં છે અને એક હિંદુનું છે. જૈનોનાં ચાર મંદિરોનો આકાર આબુ ઉપરના, તથા નાગડા અગરભદ્રેશ્વરના મંદિર જેવો છે. તે સર્વના ઉત્તર તરફ મુખ છે તથા આગળ પરસાળવાળી દેવકુલિકાઓની હાર તેમની આજુબાજુ આવેલી છે. આ મંદિરો વખતો વખત સમરાવવામાં આવ્યાં છે, તેથી કરીને જુનું અને નવું કામ ભેળસેળ થઈ ગયું છે. કેટલાક સ્તંભો, દ્વારો અને છતમાં કરેલું કોતરકામ ઘણું જ ઉત્તમ છે અને તે આબુનાં દેલવાડાના મંદિરોના જેવું છે. મી. કાઉસેન્સના બતાવ્યા પ્રમાણે જ્યાં જ્યાં જુનું કામ રાખેલું છે તે નવા કામ કરતાં જુદું પડી જાય છે,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્તંભો જોઇએ તેટલા ઉંચા નહિં હોવાને લીધે તથા છત જોઇએ તે કરતાં નીચી હોવાથી મ્હોટા પાટડાઓની વચમાં આવેલી છત ઉપરનું ઘણું કોતરકામ એકદમ જોઈ શકાય તેમ નથી, તે બધું એક પછી એક જોવું પડે છે અને તે પણ છતની બરાબર તળેજ ઉભા રહીને ડોકને તસ્દી આપીનેજ જોઈ શકાય છે. ”

## નેમિનાથ મંદિર.

“ જૈન દેવાલયોના સમૂહમાં સૌથી મ્હોટામાં મ્હોટું અને વધારે જરૂરનું દેવાલય નેમિનાથનું છે. બહારના દ્વારથી રંગમંડપ સુધી એક દાદર જાય છે. દેવગૃહમાં એક દેવકુલિકા, એક ગૂઢમંડપ અને પરસાળ આવેલાં છે. દેવકુલિકાની ભીંતો જુની છે પણ તેનું શિખર તથા ગૂઢમંડપની બહારનો ભાગ હાલમાં બનાવેલાં છે. તે ઇંટથી ચણેલા હોઈ, તથા પ્લાસ્ટર દઈ, આરસ જેવાં સાફ કરવામાં આવ્યાં છે. આનું શિખર તારંગામાં આવેલા જૈન મંદિરના ઘાટનું છે અને તેના તથા ઘુમ્મટના આમલસારની નીચે ચારે બાજુએ મ્હોઢાં મુકેલાં છે. મંદિરના અંગે આવેલી દેવકુલિકાઓના અગ્ર ભાગના છેડા ઉપર આવેલા તથા દેવગૃહની પરસાળમાં આવેલા સ્તંભો સિવાય મંડપના સ્તંભો આબુ ઉપરના દેલવાડાના વિમલસાહવાળા મંદિરના સ્તંભો જેવા જ છે. પરસાળના એક સ્તંભ ઉપર લેખ છે જેમાં લખેલું છે કે તે એક આસપાલે ઈ. સ. ૧૨૫૩ માં બંધાવ્યો હતો. અહીં જુના કામને બદલે નવું કામ એવી જ સફાઇથી કરેલાનો દાખલો આપણને મળી આવે છે. રંગમંડપની બીજી બાજુએ ઉપરના દરવાજામાં તથા છેડેના બે ન્હાના સ્તંભોની વચ્ચેની કમાનો ઉપર મકરના મુખો મુકેલાં છે. આ મુખોથી શરૂ કરીને એક સુંદર તોરણ કોતરવામાં આવ્યું છે જે ઉપરના પત્થરની નીચેની બાજુને અડકે છે અને જે દેલવાડાના વિમલસાહના મંદિરમાંની કમાનો ઉપર આવેલા તોરણના જેવુંજ છે. મંડપના સ્તંભોની ખાલી કમાનો તથા પરસાળના સ્તંભોની ખાલી કમાનો જે ગૂઢમંડપના દ્વારની બરાબર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સામે આવેલી છે તે, તથા ઉપરના પાટડાની નીચે આવેલા આગળા ઉપરથી એમ જણાય છે કે પહેલાં આવાં બીજાં તોરણો હતાં જે હાલમાં નાશ પામ્યાં છે. મંદિરની બંને બાજુએ મળીને આઠ દેવકુલિકાઓ છે. પાંચમા નંબરની દેવકુલિકા છે તે બધી કરતાં મ્હોટી છે. મંદિરની જમણી બાજુ વાળી દેવકુલિકામાં આદિનાથની અને ડાબી બાજુવાળીમાં પાર્શ્વનાથની ભવ્ય મૂર્તિઓ વિરાજમાન્ છે. મંડપના મધ્ય ભાગ ઉપર હાલના જેવું એક છાપરૂં આવેલું છે જે ઘુમ્મટના આકારનું છે અને જેને રંગ દઇ સુશોભિત કરવામાં આવ્યું છે. તેની આજુબાજુએ ચામચીડીયાં તથા ચકલીઓને અટકાવે એવું વાંસનું પાંજરૂં બાંધેલું છે. મંડપના બીજા ભાગની છત તથા ઓસરીની છત સાદી અને હાલના જેવી છે. મંડપ અને ઓસરીના વચ્ચેના ભાગમાં એટલે કે મૂળ ગર્ભાગારની જમણી બાજુએ ઉપરના ભાંગેલા પાટડાને મદદગાર થવા માટે બેડોળ ત્રણ કમાનો ચણી છે અને તે સાથેના સ્તંભ સુધી લંબાવેલી છે જેથી કરીને ઘણું કોતરકામ ઢંકાઇ જાય છે.”

( ૨૭૭ )

ઉપર વર્ણવેલા એ નેમીનાથના મંદિરમાં મૂલનાયક તરીકે જે પ્રતિમા પ્રતિષ્ઠિત છે તેના આસન નીચે આ નં૦ ૨૭૭ નો લેખ કોતરેલો છે. લેખોક્ત ઉલ્લેખનો તાત્પર્ય આ પ્રમાણે છે—

સં. ૧૬૭૫ ના માઘસુદી ૪ ને શનિવારના દિવસે ઓકેશ ( ઓસવાલ ) જાતિના વૃદ્ધ શાખાવાળા બુહરા ( બોહરા ) રાજપાલે શ્રીનેમિનાથના મંદિરમાં નેમિનાથનું બિંબ કરાવ્યું. તેની પ્રતિષ્ઠા હીરવિજયસૂરિના પટ્ટધર આચાર્ય શ્રીવિજયસેનસૂરિના શિષ્ય આચાર્ય શ્રીવિજયદેવસૂરિએ, પંડિત કુશલસાગરગણિ આદિ સાધુ પરિવાર સાથે કરી છે.

ધર્મ સાગરગણિવાળી તપાગચ્છપટ્ટાવલી માં જણાવેલું છે કે વાદી દેવસૂરિએ ( સમય વિ. સં. ૧૧૭૪–૧૨૨૬ ) આરાસણમાં નેમિ-

૨૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાથની પ્રતિષ્ઠા કરી હતી. (तथा आरासणे च नेमिनाथप्रतिष्ठा कृता) એથી જણાય છે કે પ્રથમ આ મંદિરમાં ઉકત આચાર્યની પ્રતિષ્ઠિત કરેલી પ્રતિમા વિરાજિત હશે પરંતુ પાછળથી કોઇ કારણથી તે ખંડિત કે નષ્ટ થઈ જવાના લીધે તેના સ્થળે, વોહરા રાજપાલે આ નવી પ્રતિમા બનાવી વિજયદેવસૂરિના હાથે પ્રતિષ્ઠિત કરી છે, એમ જણાય છે.

( ૨૭૮ )

એજ મંદિરમાં ઉપરયુંકત પ્રતિમાની દક્ષિણ બાજુએ આદિનાથ તીર્થંકરની પ્રતિમા સ્થાપિત છે તેની પલાંઠી નીચે આ નં. ૨૭૮ નો લેખ કોતરેલો છે. લેખની સાલ અને પ્રતિષ્ઠાતા આચાર્યનું નામ ઉપરના લેખ પ્રમાણે જ છે. પ્રતિમા કરાવનાર શ્રીમાલજ્ઞાતીના વૃદ્ધશાખાવાળા સા. રંગા ( સ્ત્રી કીલારી ) સુત લહુઆ....સુત પનીઆ સુત સમર સુત હીરજી છે.

( ૨૭૯ )

આ લેખ મૂલ મંદિરની ડાબી બાજુએ આવેલી ભમતીમાંની છેલ્લી દેવકુલિકાની ભીંત ઉપર કોતરેલો છે. હકીકત આ પ્રમાણે છેઃ-

પ્રાગ્વાટ વંશના શ્રે. બાહુડયે શ્રીજિનભદ્રસૂરિના સદુપદેશથી પાદપરા ( ઘણું કરીને વડોદરાની પાસે આવેલું હાલનું 'પાદરા' ) નામના ગામમાં ઉંદેરવસહિકા નામે એક મહાવીર સ્વામિનું મંદિર બનાવ્યું હતું. તેના બે પુત્રો થયા બ્રહ્મદેવ અને શરણદેવ. બ્રહ્મદેવે સં. ૧૨૭૫ માં અહિંનાજ ( આરાસણમાં ) શ્રીનેમિનાથ મંદિરના રંગમંડપમાં 'દાઢા ધર' કરાવ્યો. તેના ન્હાના ભાઈ શ્રે. શરણદેવ ( સ્ત્રી સૂહવદેવી ) ના વીરચંદ્ર, પાસડ, આંબડ અને રાવણ નામના પુત્રોએ પરમાનંદસૂરિના સદુપદેશથી સંબત્ ૧૩૧૦ માં સપ્તતિશતતીર્થ ( એકસો સિત્તેર જિન શિલાપટ્ટ ) કરાવ્યું. વળી સં. ૧૩૩૮ માં એજ આચાર્યના ઉપદેશથી પોતાના સમસ્ત પરિવાર સહિત એ ભાઇઓએ વાસુપૂજ્ય તીર્થંકરની દેવકુલિકા કરાવી. સં. ૧૩૪૫ માં સંમેતશિખર નામનું તીર્થ કરાવ્યું તથા મ્હોટી યાત્રા સાથે તેની પ્રતિષ્ઠા કરી જે અદ્યાપિ *પોસીના નામના ગામમાં શ્રીસંઘવડે પૂજાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ લેખમાં જણાવેલા બાહડને ફૉર્બસે કુમારપાલ ચૌલુકયનો મંત્રી બાહડ માન્યો છે પરંતુ તે પ્રકટ ભૂલ છે. મંત્રી બાહડ તો ( ઉદયનનો પુત્ર ) જાતિએ શ્રીમાલી હતો અને આ બાહડ તો જાતિએ પ્રાગ્વાટ ( પોરવાડ ) છે. તેથી આ બન્ને બાહડો જુદા જુદા છે. સમય બંનેનો લગભગ એક જ હોવાથી આ ભ્રમ થયો હોય તેમ જણાય છે.

આગળનો નં. ૨૯૦ વાળો લેખ પણ આ લેખ સાથે મળતો છે. એ લેખ મૂલનાયકની ડાબી બાજુએ આવેલી ભમતીમાંની વાસુપૂજ્ય દેવકુલિકામાં પ્રતિમાના પદ્માસન ઉપર કોતરેલો છે. પ્રસ્તુત લેખમાં જણાવેલી–સંવત્ ૧૩૩૮ માં બનાવેલી–વાસુપૂજ્ય દેવકુલિકા તે આજ છે.

લેખોક્ત હકીકત સ્પષ્ટજ છે. આ બન્ને લેખોમાં આવેલાં મનુષ્યોનાં નામોનો પરસ્પર સંબંધ આ પ્રમાણે છેઃ—

* પોસીના ગામ, મહીકાંઠામાં આવેલા ઇડર રાજ્યમાં આવેલું છે. ત્યાં હાલમાં એક જૈન મંદિર છે. એ સ્થલ તીર્થ જેવું ગણાય છે. પૂર્વે ત્યાં વધારે મંદિરો હોવાં જોઇએ એમ જણાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

- બાહડ.
  - બ્રહ્મદેવ.
  - શરણદેવ ( સ્ત્રી સૂહવદેવી. )
    - વીરચંદ્ર. ( સ્ત્રી સુષમિણિ ).
      - પૂના. ( સ્ત્રી સોહગદેવી. )
        - લુણા.
        - ઝાંઝણ.
    - પાસડ.
    - આંબડ. (સ્ત્રી અભયસિરિ.)
      - બીજા.
      - ખેતા.
    - રાવણ. ( સ્ત્રી હીરૂ. )
      - બોડસિંહ. ( સ્ત્રીઓ—જયતા-૧, કામલ-૨ )
        - દેવપાલ.
        - કુમારપાલ.
        - અરિસિંહ.
        - નાગઉર દેવી. ( પુત્રી. )
        - કડુઆ.

આ લેખોમાં જણાવેલા પરમાનંદસૂરિ અને નીચેના લેખમાં જણાવેલા પરમાનંદસૂરિ બંને જુદા છે. આ પરમાનંદસૂરિ બૃહદ્ગચ્છીય છે અને નીચેવાલા ચંદ્રગચ્છીય છે. આ સૂરિની ગુરૂ પરંપરા આ પ્રમાણે છેઃ—

જિનભદ્રસૂરિ.
|
રત્નપ્રભસૂરિ.
|
હરિભદ્રસૂરિ.
|
પરમાનંદસૂરિ.

( ૨૮૦ )

આ નંબર વાળો લેખ, એજ મંદિરના એક સ્તંભ ઉપર કોતરેલો છે.

સં. ૧૩૧૦ ના વર્ષે વૈશાખ વદિ ૫ ગુરૂવાર. પ્રાગ્વાટ જ્ઞાતિના શ્રે. વીલ્હણ અને માતા રૂપણીના શ્રેયોર્થે તેમના પુત્ર આસપાલ, સીધપાલ અને પદ્મસીંહે પોતાના વિભવાનુસાર આરાસણ નગરમાં શ્રીનેમિનાથ ચૈત્યના મંડપમાં, ચંદ્રગચ્છના આચાર્ય શ્રી પરમાનંદસૂરિના શિષ્ય શ્રી રત્નપ્રભસૂરિના સદુપદેશથી એક સ્તંભ કરાવ્યો.

દાક્ષિણ્યચિન્હ નામના આચાર્યની ( શક સંવત ૭૦૦ માં ) રચેલી कुवलयमाला નામની પ્રાકૃત કથાનો સંસ્કૃતમાં સંક્ષેપ કરનાર આજ રત્નપ્રભસૂરિ છે એમ તે ગ્રંથના દરેક પ્રસ્તાવને અંતે " इत्याचार्य श्रीपरमानन्दसूरि शिष्यश्रीरत्नप्रभसूरिविराचिते कुवलयमालाकथा संक्षेपे" આવી રીતે કરેલા ઉલ્લેખથી નિશ્ચિત રૂપે જણાય છે.

( ૨૮૧ )

આ લેખ એક ભીંત ઉપર કોતરેલો છે.

સંવત્ ૧૩૪૪ ના આષાઢ શુદી પૂર્ણિમાના દિવસે. શ્રી નેમિનાથ દેવના ચૈત્યમાં ત્રણ કલ્યાણક ( દીક્ષા, કેવલ અને મોક્ષ ? ) દિવસે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજા માટે, ે. સિધરના પુત્ર શ્રે. ગાંગદેવે વીસલપ્રિય ૧૨૦ દ્રમ ( તે વખતે ચાલતા વીસલપુરીયા ચાંદિના શિકકાઓ ) નેમિનાથ દેવના ભંડારમાં ન્હાંખ્યા છે. તેના વ્યાજમાંથી પ્રતિમાસ ૩ દ્રમ પૂજા માટે ચઢાવાય છે.

( ૨૮૨ )

આ લેખ એક થાંભલા ઉપર કોતરેલો છે. સં. ૧૫૨૬ ના આષાઢ વદિ ૯ મીને સોમવારના દિવસે પાટણ નિવાસી ગુજરજ્ઞાતીય મહં. પૂજાના પુત્ર સીધરે અહિંની યાત્રા કરી હશે તેથી તેના સ્મરણ માટે આ લેખ કોતરાવ્યો હોય એમ જણાય છે.

( ૨૮૩ )

આ લેખ પણ એક ભીંત ઉપર કોતરેલો છે. શ્રે૦ ગાંગદેવ નામના કોઇ શ્રાવકે પોતાના પરિવાર સહિત નેમિનાથનાં બિંબો કરાવ્યાં જેમની પ્રતિષ્ઠા નવાંગવૃત્તિકારક શ્રી અભયદેવસૂરિની શિષ્યસંતતિમાં થએલા આચાર્ય શ્રી ચંદ્રસૂરિએ કરી છે.

( ૨૮૪ )

આ લેખ, ગૂઢમંડપમાં આવેલા એક શિલાપટ્ટ ઉપર કોતરેલો છે. જેમાં મુનિસુવ્રતતીર્થંકરની પ્રતિમા તથા તેમણે કરેલો અશ્વને બોધ અને સમલિકાવિહારતીર્થ વિગેરેના આકારો કોતરેલા છે. લેખનો અર્થ આ પ્રમાણે છેઃ—

સં. ૧૩૩૮ ના જ્યેષ્ઠ સુદિ ૧૪ શુક્રવાર. શ્રીનેમિનાથ ચૈત્યમાં સંવિજ્ઞવિહારી શ્રી ચક્રેશ્વરસૂરિના સંતાનીય શ્રીજયસિંહસૂરિ શિષ્ય શ્રીસોમપ્રભસૂરિ શિષ્ય શ્રીવર્દ્ધમાનસૂરિએ પ્રતિષ્ઠિત કરેલું, આરાસણ-આકર નિવાસી પ્રાગ્વાટ જ્ઞાતિના શ્રે. ગોનાના વંશમાં થએલા શ્રે. આસપાલે પોતાના કુટુંબ સાથે અશ્વાવબોધ અને સમલિકા વિહાર તીર્થોદ્ધાર સહિત શ્રીમુનિસુવ્રતબિંબ કરાવ્યું.

( ૨૮૫–૮૮ )

આ ત્રુટિત લેખો જુદી જુદી જાતના બનેલા શિલાપટ્ટો તથા પ્રતિમાઓ ઉપર કોતરેલા છે. સાલ અને તિથિ સિવાય વધારે જાણવાનું એમાં કશું નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૨૮૯ )

આ લેખ એક પાર્શ્વનાથની પ્રતિમા ઉપર કોતરેલો છે. સં. ૧૨૦૬ ના જ્યેષ્ઠ સુદિ ૯ મંગળવારના દિવસે શ્રે. સહુજિગના પુત્ર ઉદ્ધા નામના પરમ શ્રાવકે પોતાની સ્ત્રી સલક્ષણુના શ્રેય માટે, પોતાના ભાઈ, ભાણેજ અને બહેન આદિક પરિવાર સહિત, શ્રીપાર્શ્વનાથનું બિંબ કરાવ્યું જેની પ્રતિષ્ઠા શ્રીઅજિતદેવસૂરિના શિષ્ય શ્રી વિજયસિંહસૂરિએ કરી.

આ અજિતદેવસૂરિ તે સુપ્રસિદ્ધ આચાર્ય શ્રીમુનિચંદ્રસૂરિના શિષ્ય અને પ્રવરવાદી શ્રીદેવસૂરિના ગુરૂભ્રાતા હતા. મુનિસુન્દરસૂરિની ગુર્વાવલીમાં લખ્યા પ્રમાણે તેઓ શ્રમણ ભગવાન્ શ્રીમહાવીર દેવની ૪૨ મી પાટે થએલા છે. ૪૩ મી પાટે વિજયસિંહસૂરિ થયા જેમણે આ લેખોક્ત પ્રતિમાની પ્રતિષ્ઠા કરી છે. सिंदूरप्रकर, कुमारपालप्रतिबोध* सुमतिनाथचरित्र આદિ અનેક ગ્રંથોના કર્તા અને ' શતાર્થી 'ની બુદ્ધિ-પ્રભાવ જણાવનારી પદવીના ધારક સોમપ્રભાચાર્ય આજ વિજયસિંહ સૂરિના પટ્ટધર હતા. વિશેષ માટે જુઓ ઉક્ત गुर्वावली पद्य ૭૨–૭૭ તથા ' जैनहितैषी ' પત્રમાં ( ભાગ ૧૨ અંક ૯–૧૦, તથા ભાગ ૧૩ અંક ૩–૪; ) સોમપ્રભાચાર્ય અને સૂક્તિમુક્તાવલી વિષયે પ્રકટ થએલા મ્હારા બે લેખો.

( ૨૯૦ )

આ લેખ સંબંધી હકીકત ઉપર ૨૭૯ નંબરના લેખાવલોકનમાં આવી ગઇ છે.

( ૨૯૧ )

આજ મંદિરની એક દેવકુલિકા ઉપર આ લેખ કોતરેલો છે. સં. ૧૩૩૫ ના માઘ સુદિ ૧૩. ચંદ્રાવતી નિવાસી સાંગા નામના શ્રાવકે પોતાના કલ્યાણ માટે શાંતિનાથ બિંબ કરાવ્યું જેની પ્રતિષ્ઠા વર્દ્ધમાનસૂરિએ કરી છે.

---

* આ ગ્રંથ, 'ગાયકવાડસ્ ઓરીઍન્ટલ સીરીઝ'માં મ્હારા તર્ફથી સંશોધિત થઈ મુદ્રિત થાય છે. એમાં હેમચંદ્રાચાર્યે કુમારપાલ રાજાને જૈન ધર્મ સંબંધી કરેલા બોધનું વર્ણન છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૨૯૨ )

આ લેખ પણ એજ દેવકુલિકામાં કોતરેલો છે. સં. ૧૩૩૭ જ્યેષ્ટ સુદિ ૧૪ શુક્રવાર. ખાંખણુ નામના શ્રાવકે પોતાના શ્રેય માટે શાંતિનાથ પ્રતિમા કરાવી. તેની પ્રતિષ્ઠા પણ વર્દ્ધમાનસૂરિએ કરી છે. તેઓ બ્રહદ્ગચ્છીય શ્રીચક્રેશ્વરસૂરિના શિષ્ય સંતતિમાં થએલા સોમપ્રભસૂરિના શિષ્ય હતા.

## મહાવીર તીર્થંકરનું મંદિર.

" નેમિનાથના દેવાલયથી પૂર્વમાં મહાવીરનું દેવાલય છે. બહારની બે સીડીઓથી એક આચ્છાદિત દરવાજામાં અવાય છે જે હાલમાં બનાવેલો છે. અંદર, તેની બંને બાજુએ ત્રણ મ્હોટા ગોખલા છે, પણ અગ્ર ભાગમાં તો દેવ કુલિકાઓ છે.

" રંગમંડપના વચલા ભાગમાં ઉંચે કોતરેલો એક ઘુમ્મટ છે જે ભાંગેલો છે તથા રંગેલો તેમજ ધોળેલો છે. આ ઘુમ્મટનો આધાર અષ્ટકોણાકૃતિમાં આવેલા આઠ સ્તંભો ઉપર છે જેમાંના બે દેવકુલિકાની પરસાલના છે અને તે આબુના વિમલસાહના દેવલયના સ્તંભો જેવા છે. બાકીના સાદા છે. પહેલાં આ સ્તંભોની દરેક જોડને મકરના મોંઢાથી નિકળેલા તોરણોથી શણગારવામાં આવી હતી પણ હાલ એક સિવાય બધાં તોરણો જતાં રહ્યાં છે. રંગમંડપના બીજા ભાગોની છતના જુદા જુદા વિભાગો પાડયા છે જેના ઉપર આબુના વિમલસાહના દેહરામાં છે તેમ જૈનચરિત્રોનાં જુદાં જુદાં દશ્યો કાઢવામાં આવ્યાં છે.

" દેવ કુલિકાની ભીંતો હાલમાં બંધાવેલી છે, પણ શિખર જુના પત્થરના કટકાનું બનેલું છે. ગૂઢમંડપ જુનો છે અને તેને, પહેલાં, બે બાજુએ બારણાં તથા દાદરો હતા. હાલમાં તે બારણાં પૂરી નાંખેલાં છે અને તેમને ઠેકાણે માત્ર બે જાળીઆં રાખેલાં છે જેથી અંદર અજવાળું આવી શકે છે ગૂઢમંડપની બારશાખમાં ઘણુંજ કોતરકામ છે પણ દેવકુલિકાઓની બારશાખોને નથી. અંદર મહાવીરદેવની એક ભવ્ય મૂર્તિ છે જેના ઉપરના લેખમાં ઈ. સ. ૧૬૧૮ ની મિતિ



Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

આપેલી છે, પણ જે બેઠક ઉપર તે પ્રતિમા બેસાડેલી છે તે બેઠક જુની છે અને તેના ઉપરના લેખમાં ઇ. સ. ૧૦૬૧ ની મિતિ આપેલી છે.

" ડાબી અગર પશ્ચિમ બાજુએ બે જુના સ્તંભોની સાથે બે નવા સ્થંભો છે જે ઉપરના ભાંગેલા ચોરસાના આધાર રૂપ છે. દક્ષિણ ખુણાની પૂર્વ બાજુમાં આવેલી ત્રીજી તથા ચોથી દેવકુલિકાની બારસાખો બીજી દેવકુલિકાઓ કરતાં વધારે કોતરેલી છે. ત્રીજી દેવકુલિકાની આગળ, ઉપરના ચોરસાની નીચેની બાજુને અડકનારી એક કમાનના આધાર રૂપ સ્તંભો ઉપર બે બાજુએ ' કીચક ' બ્રેકેટ્સ જોવામાં આવે છે. આ બાબત જાણવા જેવી છે, કારણ કે બીજે કોઈ ઠેકાણે અગ્રભાગમાં અગર દેવકુલિકામાં આ પ્રમાણે નથી. " §

આ દેવાલયમાં મૂલનાયક તરીકે જે મહાવીર દેવની મૂર્તિ પ્રતિષ્ઠિત છે તેની પલાંઠી ઉપર નં. ૨૯૩ નો લેખ કોતરેલો છે. મિતિ ૧૬૭૫ ના માઘ શુદિ ૪ શનિવાર. ઓકેશ વંશના અને વૃદ્ધશાખાના સા. નાનિઆ નામના શ્રાવકે, આરાસણ નગરમાં શ્રી મહાવીરનું બિંબ કરાવ્યું જેની પ્રતિષ્ઠા વિજયદેવસૂરિએ કરી છે. આટલી હકીકત છે.

૨૯૪ નો લેખ પણ એજ સ્થળે-મૂર્તિની બેઠક નીચે કોતરેલો છે. લેખ ખંડિત છે. ફક્ત—સં. ૧૧૧૮ ના ફાલ્ગુણ શુકલ ૯ સોમવારના દિવસે આરાસણ નામના સ્થાનમાં તીર્થપતિની પ્રતિમા કરાવી; આટલી હકીકત વિદ્યમાન છે. અરાસણના લેખોમાં આ સૌથી જુનો લેખ છે. આ લેખથી જણાય છે કે નેમિનાથ ચૈત્યની માફક આ ચૈત્યની મૂલપ્રતિમા પણ ખંડિત કે નષ્ટ થઇ ગઇ હશે તેથી તેના સ્થાને આ વિદ્યમાન પ્રતિમા વિરાજિત કરવામાં આવી હોય તેમ જણાય છે.

## પાર્શ્વનાથ મંદિર.

( ૨૯૫-૩૦૧ )

૨૯૫થી ૩૦૧ નંબર સુધીના લેખો પાર્શ્વનાથના મંદિરમાં આવેલા છે. જેમાંનો પહેલો લેખ મૂલનાયક ઉપર કોતરેલો છે. મિતિ ૧-

§ આર્કિઓલોજીકલ, પ્રોગ્રેસ રીપોર્ટ સન ૧૯૦૫-૦૬.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પર પ્રમાણે જ ૧૬૭૫ ની છે અને પ્રતિષ્ઠાતા આચાર્ય પણ તેજ વિજયદેવસૂરિ છે.

મૂલ ગર્ભાગારની બ્હાર જે ન્હાનો રંગમંડપ છે, તેના દરવાજાની જમણી બાજુ ઉપર આવેલા ગોખલાની વેદી ઉપર ૨૯૬ નંબરનો લેખ કોતરેલો છે. મિતિ સં. ૧૨૧૬ ની વૈશાખ સુદિ ૨. શ્રે. પાસદેવના પુત્ર વીર અને પુનાએ પોતાના ભાઇ જેહડના શ્રેયાર્થે પાર્શ્વનાથની પ્રતિમા કરાવી જેની પ્રતિષ્ઠા નેમિચંદ્રાચાર્યના શિષ્ય દેવાચાર્યે * કરી.

બાકીના લેખો એજ મંદિરમાંની જુદી જુદી પ્રતિમાની બેઠકો ઉપર કોતરેલા છે. છેલ્લા ત્રણની મિતિ સં. ૧૨૫૯ ના આષાઢ સુદિ ૨ શનિવારની છે. એ લેખોમાં પ્રતિષ્ઠાતા તરીકે આચાર્ય ધર્મઘોષનું નામ આપેલું છે.

એ મંદિરનું વર્ણન ઉક્ત રીપોર્ટમાં આ પ્રમાણે આપ્યું છેઃ— " પહેલાં, પાર્શ્વનાથના દેવાલયને ત્રણ દ્વારો હતાં તેમાંનાં બે બંધ કર્યાં છે તેથી પશ્ચિમ તરફના દ્વારમાં થઇને અંદર જઇ શકાય છે. દરેક બાજુએ મધ્યની દેવકુલિકા બીજી કરતાં વધારે કોતરકામ વાળી છે.

* આ દેવાચાર્ય તે કદાચ સુપ્રસિદ્ધ તાર્કિક વાદી દેવસૂરિ હશે. કારણ કે પટ્ટાવલી પ્રમાણે તેમનો સ્વર્ગવાસ સં. ૧૨૨૬ માં થએલો છે. જો કે તેઓ સ્વરચિત स्यादवादरत्नाकर નામના મહાન ગ્રંથમાં પોતાને મુનિચંદ્રસૂરિના શિષ્ય તરીકે પ્રકટ જણાવે છે તેમજ પટ્ટાવલી વિગેરે બીજા ગ્રંથોમાં પણ મુનિચંદ્રસૂરિશિષ્ય તરીકે જ તેમને ઉલ્લિખિત કરવામાં આવ્યા છે, પરંતુ કદાચ એમ હોય કે તેમના દીક્ષા ગુરૂ તો નેમિચંદ્રસૂરિ હોય ( કે જેમણે પોતાના ગુરૂભ્રાતા વિનયચંદ્ર ઉપાધ્યાયના શિષ્ય મુનિચંદ્રને પોતાના પટ્ટધર બનાવ્યા હતા ) પરંતુ પાછળથી મુનિચંદ્રસૂરિની ગાદીએ આવેલા હોવાથી તેમના જ શિષ્ય તરીકે ઉલ્લેખવામાં આવ્યા હોય, કે જેમ બીજા ઘણા આચાર્યોના વિષયમાં બનેલું છે. એ કેવલ એક નામના સામ્યને લઇને અનુમાન કરવામાં આવ્યું છે, નિર્ણય રૂપ કશું નથી. સમાન નામવાળા અનેક આચાર્યો એકજ સમયમાં વિદ્યમાન હોવાના ઉદાહરણો પણ જૈન સાહિત્યમાંથી ઘણા મળી આવે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેના મંડપના સ્તંભો તથા ઘુમ્મટની ગોઠવણ મહાવીર અને શાંતિનાથના દેવાલયના જેવી છે, પણ શાંતિનાથ દેવાલયની માફક માત્ર ચાર તોરણો છે જેમાંનું દેવકુલિકાની પરસાલની સામે આવેલા દાદર ઉપરનું એકજ હાલમાં રહેલું છે. નેમિનાથ ચૈત્યની માફક ઘુમ્મટની આજુબાજુએ વાંસના સળીઆ ઉભા કર્યા છે. દેવકુલિકાનો બાહ્ય ભાગ તથા ગૂઢમંડપનો એક ભાગ અર્વાચીન છે. દાદર સાથે આવેલા બે સ્તંભોની વચ્ચેની એક જુની બારસાખ ગૂઢમંડપની પશ્ચિમની ભીંતમાં ચણવામાં આવી છે, પણ આ દ્વાર બંધ કરવામાં આવ્યું નથી. ભીંતની બીજી બાજુએ આવીજ બારસાખ ગોઠવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હોય તેમ લાગે છે, કારણ કે તે ભીંત આગળ બે સ્તંભો ઉભા કરવામાં આવ્યા છે. મૂલદેવગૃહની બારસાખ ઉપર સારૂં કોતરકામ કરવામાં આવ્યું છે. પણ તેના ઉપર પાછળથી ગુજરાતી રીતિ પ્રમાણે રંગ લગાડવામાં આવ્યો છે ”

## શાંતિનાથ ચૈત્ય.

### ( ૩૦૨–૩૦૬ )

આ નંબરવાળા લેખો શાંતિનાથ ચૈત્યમાં આવેલા છે. ચૈત્યમાં રહેલી જુદી જુદી પ્રતિમાઓની નીચે એ લેખો કોતરેલા છે. ૪ લેખની મિતિ સં. ૧૧૩૮ છે અને એકની સં. ૧૧૪૬ છે. અમુક શ્રાવકે અમુક જિનની પ્રતિમા કરાવી માત્ર આટલોજ ઉલ્લેખ એ લેખોમાં થએલો છે.

“એ દેવાલય ઉપર્યુકત મહાવીર જિનના દેવાલય જેવુંજ છે. માત્ર ફેરફાર એટલો જ છે કે ઉપરની કમાનની બંને બાજુએ, મહાવીર દેવાલયની માફક, ત્રણ ગોખલા નહિં પણ ચાર છે. આ દરેક ગોખલામાં લેખો આવેલા છે જેમાંના સર્વની મિતિ ઈ. સ. ૧૦૮૧ છે માત્ર એકની જ આઠ વર્ષ પછીની છે. વળી મંડપમાંના આઠ સ્તંભો જે અષ્ટકોણાકૃતિમાં હોઇ ઘુમ્મટને ટેકો આપે છે તેના ઉપર ચાર તોરણો છે, પણ મહાવીર દેવાલયમાં આઠ છે. આ બધાં તોરણો જતાં રહ્યાં છે, ફકત પશ્ચિમ બાજુ તરફનું અવશેષ રહ્યું છે. ”



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સંભવનાથ મંદિર.

" નેમિનાથના દેવાલયની પશ્ચિમ બાજુએ સંભવનાથ દેવાલય આવેલું છે જેમાં ભમતી કે દેવકુલિકાઓ નથી. એક અર્વાચીન કમાન કરેલી છે જેમાંથી રંગમંડપમાં જવાય છે. ગૂઢમંડપને ત્રણ દ્વાર હતાં તેમાંના બાજુના દ્વારો ને પણ કમાનો હતી, પરંતુ હાલના આ બંને દ્વાર બંધ કર્યાં છે. મુખ્ય દ્વાર સારા કોતરકામ વાળું છે. દેવગૃહમાં એક અર્વાચીન પ્રતિમા છે જે એક પ્રાચીન વેદી ઉપરજ બેસાડેલી છે. આ પ્રતિમાનું લાંછન અશ્વ જેવું કર્યું છે તેથી તે સંભવનાથ હોવા સંભવે છે. દેવગૃહની ભીંતો ઉપર પ્લાસ્ટર કરેલું છે. મધ્યનું શિખર જુનું છે પણ તે પુનઃ બંધાવેલું હોય તેમ જણાય છે. તેની આગળના કેટલાંક ન્હાના ન્હાના શિખરો અર્વાચીન છે. "

## આરાસણનો ઇતિહાસ.

આરાસણનો નાશ કયારે થયો અને તેનું આધુનિક નામ કયારે અને કયા કારણે પડયું તે હજુ સુધી અંધારામાં છે. હાલમાં રહેલાં જૈનમંદિર કયારે બંધાણાં તથા કોણે બંધાવ્યાં તે પણ જાણી શકાયું નથી. શ્રીયુત ડી. આર. ભાંડારકર એમ. એ. ઉકત રીપોર્ટમાં ( પ્રોગ્રેસ રીપોર્ટ ઑફ ધી આર્કિઑલોજીકલ સર્વે ઑફ ઇન્ડિયા વેસ્ટર્ન સર્કલ, ઈ. સ. ૧૯૦૫-૦૬ ) એ સંબંધી કેટલો ઉહાપોહ કર્યો છે, તે ઉપયોગી હોવાથી અત્ર આપું છું:—

" કુંભારીઆના દેવાલયોથી માલુમ પડશે કે તે બધા એક જ સૈકામાં થએલાં છે. જૈન દેવાલયોમાંનાં ચાર દેવાલયો જે નેમિનાથ, મહાવીર શાંતિનાથ અને અને પાર્શ્વનાથનાં છે તેમને, બેશક, સમરાવવામાં આવ્યાં છે. તથા કોઇક કોઇક વખતે વધારો કરવામાં તથા પુનરૂદ્ધાર કરવામાં આવ્યો છે. પણ મૂળ કારીગરીની મિતિ, સ્તંભો તથા કમાનો જે એકજ શૈલીની છે અને જે વિમળશાહના દેલવાડાના દહેરાના જેવાં છે તેના ઉપરથી, સૂચિત થાય છે. વળી એમ પણ કહેવાય છે કે આ દેવાલયો પણ વિમળશાહે બંધાવ્યાં હતાં. આબુ ઉપર બંધાવેલા વિમળશાહના ઋષભનાથના દેવાલયમાં આવેલા એક લેખ ઉપરથી વિમળશાહની મિતિ ઇ. સ. ૧૦૩૨ જણાય છે. કારીગરી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોતાં કુંભારીઆનાં જૈન દેવાલયોની મિતિ અગીઆરમી સદીના મધ્ય ભાગમાં હોય એમ સ્પષ્ટ રીતે નક્કી થાય છે. વળી, શાંતિનાથના દેવાલયની હકીકતમાં કહ્યા પ્રમાણે અંદરની બાજુમાં કમાનની બંને બાજુએ લેખો કોતરેલા છે જેમાં ઈ. સ. ૧૦૮૧ ની મિતિ છે. માત્ર એકમાં જ આઠ વર્ષ પછીની એટલે કે ઈ. સ. ૧૦૮૯ ની છે. આ મિતિ ગોખલામાં પ્રતિમાઓની પ્રતિષ્ઠાની છે, અને મુખ્ય દેવકુલિકા તથા તેના મંડપની ન હોય. આ દેવમંદિર તથા મંડપ કેટલાંક વર્ષ પહેલાં બાંધવામાં આવ્યા હશે, વળી, મહાવીરના દેવાલયમાં જુની બેઠક ઉપર મુકેલી નવી મહાવીરની પ્રતિમા છે. આ બેઠક ઉપર એક લેખ છે જેની મિતિ ઇ. સ. ૧૦૬૧ છે. આ ઉપરથી એમ જણાય છે કે મૂળ જુની પ્રતિમા તે વર્ષમાં મૂકી હશે. અને દેવાલય પૂર્ણ થયા પછી પ્રતિમાનું પ્રતિષ્ઠાન થાય છે તેથી એમ કહી શકાય કે આ જૈન દેવાલય ઈ. સ. ૧૦૬૧ પહેલાં થોડા જ વખતે પૂર્ણ થયું હશે. વળી આજ ન્યાયે કુંભારીઆનાં દેવાલયો અગીઆરમી સદીના મધ્યમાં બાંધવામાં આવ્યાં હશે એમ નિર્ણય ઉપર આપણે આવી શકીએ. તથા કુંભારીઆના કુંભેશ્વર મહાદેવના વૈદિક દેવાલય વિષે એમ કહેવામાં આવ્યું છે કે તેનું દેવકુલિકાનું દ્વાર તથા ભીંતમાં જડેલા સ્તંભો મોઢેરાના સૂર્યના દેવાલયના દ્વાર તથા સ્તંભો જેવા છે. આની મિતિ ડાકટર બર્ગેસ તથા મી. કાઉસેન્શે તેની શૈલી ઉપરથી ભીમદેવ પહેલા ( ઈ સ. ૧૦૨૨–૧૦૬૩ ) ના રાજયમાં અગર અગીઆરમી સદીમાં છે એમ નક્કી કરી છે. વળી આ શોધકોએ એમ પણ દર્શાવેલું છે કે કારીગરી ઉપરથી મોઢેરાનું દેવાલય તથા વિમળશાહનું દેલવાડાનું દેવાલય લગભગ એક જ મિતિનાં છે. ટુંકામાં એટલુંજ કે કુંભારીઆમાં હાલ જે દેવાલયો મોજુદ છે તે અગીઆરમી સદીના મધ્ય ભાગમાં બંધાવેલા હોય એમ જણાય છે.

ઉપર કહ્યા પ્રમાણે દંતકથા એમ ચાલે છે કે કુંભારીઆમાં વિમળશાહે ૩૬૦ જૈન દેવાલયો બંધાવ્યાં હતાં જેમાંના પાંચ શિવાયનાં સર્વે બળી ગયાં. હાલ જે દેવાલયો રહ્યાં છે તેની આજુ બાજુ ઘણાજ બળેલા પથ્થરો દ્રષ્ટિએ પડે છે. ફૉર્બસ ધારે છે કે કોઇ જવાળામુખી ફાટવાથી આ પ્રમાણે થયું હશે. આ જૈન દેવાલયોની પાછળની જમીન ઉપર તપાસ કરતાં ત્યાં ઘણાં જુનાં મકાનોના ઇંટના પાયા તથા તેની આજુ બાજુ બળેલા પથ્થરો તથા આ સર્વ ખંડેરની આજુબાજુ લગભગ એક માઇલ લાંબો એક પથ્થરનો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિલ્લો, જેના પથ્થરો હાલ બળેલા છે, તે દૃષ્ટિગોચર થાય છે. પણ જાણવા જેવું એ છે કે આ કિલ્લાથી થોડા ફુટ છેટે એક પણ બળેલો પથ્થર જોવામાં આવતો નથી. જો ફૉર્બસના ધારવા પ્રમાણે હોય તો એમ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે આ કિલ્લાની બહાર કેમ બળેલા પથ્થરો નહિ હોય? ખરી રીતે, સૂક્ષ્મ દ્રષ્ટિએ જોતાં એમ માલુમ પડે છે કે આ જૈન દેવાલયોની આસપાસની સર્વ જમીન તથા કુંભારીઆ અને અંબાજી વચ્ચેની લગભગ એક મૈલની જમીન કૃત્રિમ છે, તથા તેના ઉપર જુના તથા મોટા પથ્થર અને ઇંટોના કટકા પડેલા છે. અંબાજી અગર કુંભારીઆ–ગમે ત્યાં આ ઇંટો જોવામાં આવે છે અને બળેલા પથ્થરો દેખાય છે. આ ઉપરથી એમ અનુમાન જાય છે કે, પહેલાં અંબાજીથી કુંભારીઆ સુધીનું એક શહેર વસેલું હશે. અને તેથીજ આ શહેરનાં ખંડેરોથી દૂર આવી ઇંટો તથા બળેલા પથ્થરો જોવામાં આવતા નથી. હવે એક પ્રશ્ન ઉત્પન્ન થાય છે. આ જુના શહેરનું નામ શું હશે? જૈન દેવાલયોના લેખોમાં તેનું નામ ' આરાસણ ' અગર ' આરાસનાકર ' આપેલું છે. બાહ્યદૃષ્ટિથી જ માત્ર એમ સ્પષ્ટ છે કે ' આરાસન ' એ શબ્દ ' આરાસ ' જે ને ગુજરાતીમાં ' પથ્થર ' કહે છે, તે હશે. જે આરાસુર પહાડોમાં અંબાજી તથા કુંભારીઆ ગુપ્ત થયાં છે તે પથ્થરનો પહાડ છે તેથી આ શહેર આરાસન કહેવાતું, એમાં કાંઈ શક નથી. કારણ કે તેની આજુબાજુએ પથ્થરીઆ પહાડો હતા અગર તેનાં સર્વ ઘરો પથ્થરનાં બનાવેલાં હતાં જેથી બીજા શહેરોથી તેનું વ્યકિતત્વ ભિન્ન હતું. બીજું નામ ' આરાસનાકર ' જેનો અર્થ ' પથ્થરની ખાણ' થાય છે તે ઉપરથી પણ એજ નિર્ણય આવી શકે. ખરી રીતે એમ છે કે પહેલાં જે ઇમારતો હતી તથા હાલ જે ઇમારતો છે તે પથ્થરની છે. વળી સ્વાભાવિક રીતે એમ પણ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે આ જુના શહેરનું નામ આરાસણ ભુલાઇ જવાયું હશે અને તેને બદલે કુંભારીઆ મુકયું હશે. આના જવાબમાં ફૉર્બસ કહે છે કે ચિતોડના રાણા કુંભાએ આ બંધાવ્યું માટે તેને કુંભારીઆ કહે છે. પણ આ માની શકાય નહીં; કુંભારીઆનાં પુરાણાં મકાનો ઉપરથી એમ વ્યક્ત થાય છે કે આ શહેર રાણા કુંભાની પહેલાં ઘણાં વર્ષનું જુનું છે. એમ પણ કારણ આપી શકાય કે આ પુરાણું શહેર વિમલશાહ અને રાણા કુંભાના વખતની વચ્ચે નાશ થયું હશે અને તેનો કુંભાએ પુનરૂદ્ધાર કર્યો હશે. આ સબબ પણ સબળ નથી, કારણ કે મહાવીરના દેવાલયમાંની દેવકુલિકાની બેઠક ઉપર કોતરેલા લેખમાં ઇ. સ. ૧૬૧૮ ની મિતિ છે અને તેમાં આરાસન શહેર વિષે ઉલ્લેખ છે. રાણો કુંભો ઈ. સ. ૧૪૩૮ થી



Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

૧૪૫૮ સુધીમાં થયો અને આ લેખની મિતિ ઇ. સ. ૧૬૧૮ ની એટલે કે કુંભા પછી બરાબર ૧૫૦ વર્ષની છે તેથી એમ તો નક્કી થઈ શકે છે કે કુંભારીઆનો ગમે તે અર્થ થતો હોય પણ તેનું નામ રાણા કુંભાના નામ ઉપરથી પડેલું નથી જ અને તેથી જુના શહેરનો વિનાશ ઇ. સ. ૧૬૧૮ પછી થએલો હોવો જોઇએ.

આ જુના શહેરનું નામ આરાસુર હશે એમ લાગે છે અને હાલ અંબાજી તે નામથી ઓળખાય છે. આરાસુર એ આરાસપુરનો અપભ્રંશ હશે. આરાસપુર એજ આરાસણપુર: આ ટેકરીઓ પણ આરાસુરના નામથી ઓળખાય છે. અને કદાચ આરાસુર ( આરાસપુર ) નગરી તરફ આવેલી હોવાને લીધે તેમનું એવું નામ પડયું હશે. ફોર્બસ ઇ. સ. ૧૨૦૦ ની મિતિ વાળા એક પાળીઆલેખ વિષે કહે છે જેમાં પરમાર રાજા ધારાવર્ષે આરાસણાપુરમાં એક કુવો ખોદાવ્યા વિષે ઉલ્લેખ છે. આ ઉપરથી એમ જણાય છે કે તેરમી સદીના આરંભમાં ચંદ્રાવતીના પરમારોના તાબામાં આરાસણાપુર હતું. આ લેખ વિષે મેં ઘણી શોધ કરી પણ તે મળી આવ્યો નહિ. તો પણ ઇ. સ. ૧૨૭૪ ની મિતિવાળો એક બીજો પાળીઆ–લેખ મળી આવ્યો છે. જેમાં મહિપાલ નામે કોઈક આરાસણનો રાજા હતો એમ કહેલું છે. કુંભારીઆના લેખોમાં બીજા કોઇ રાજાના નામો આપ્યા નથી, પણ ઉપર કહ્યા પ્રમાણે ઈ. સ. ૧૬૧૮ સુધી કદાચ આ નગરની જાહોજલાલી રહી હશે. આ વખત પછી તેનો નાશ થયો હશે. મારા મત પ્રમાણે આ ૭ દેવાલયો સિવાય આખું નગર બળી ગયું હશે કારણ ત્યાં બળેલા પથ્થરો દેખ્યામાં આવે છે. દુશ્મન રાજાઓએ ગામો બાળી મૂકયાની હકીકત ઘણે ઠેકાણે જોવામાં આવે છે અને અહિં પણ તે પ્રમાણે થયું હોય. ઉપરોકત દંતકથા પ્રમાણે તો એમ છે કે અંબામાતાએ વિમળશાહની કૃતઘ્નતાથી ગુસ્સે થઇને પાંચ દેરાંઓ સિવાય વિમળશાહનાં બંધાવેલાં ૩૬૦ દેવાલયો બાળી મૂકયાં. આ ઉપરથી પણ આ નગરને બાળી મૂકવામાં આવ્યું હતું એ મતને પુષ્ટિ મળે છે. એમ પણ બની શકે કે મુસલમાનોએ આ કુંભારીઆનાં બીજાં દેવાલયોનો નાશ કર્યો હોય. તથા જ્યાં જ્યાં મુસલમાનોએ આની રીતે નાશ કર્યો છે ત્યાં ત્યાં આવી અનેક દંતકથાઓનો ઉદ્ભવ થયો છે. આ વિષય ઉપર મેં ઘણી બારીક તપાસ કરી પણ ત્યાં મને કોઇએ એમ ન કહ્યું કે આ મુસલ-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માનોનું કૃત્ય છે. વળી, જો મુસલમાનોની આ નગરનો નાશ કરવાની ઇચ્છા હોય તો પાંચ દેવાલયો મૂકીને નગર બાળી મુકે એ અસંભવિત છે. *

કુંભારીઆમાં એવી દંત કથા ચાલે છે કે અંબામાતાએ વિમળસાહને પુષ્કળ દ્રવ્ય આપ્યું, વળી દેલવાડામાં વિમળસાહના દહેરામાંના જે લેખમાં તેની મિતિ ઇ. સ. ૧૦૩૨ આપી છે તેજ લેખમાં એમ કહેલું છે કે તેણે આ દહેરૂં અંબામાતાની આજ્ઞાનુસાર બંધાવ્યું. આ ઉપરથી એમ લાગે છે કે અંબામાતા તેની કુળદેવી હશે, પણ જે અંબામાતાએ દેલવાડામાં રૂષભનાથનું દેવાલય બાંધવાને તેને આજ્ઞા કરી તેજ અંબામાતાનું મંદિર આ દેવાલયમાં છે અને બીજા અંબામાતા કરતાં પહેલા અંબામાતા જુના છે. આરાસણપુરમાં પણ અંબામાતાનું એક મંદિર છે તેથી એમ હોઈ શકે કે વિમળસાહ માતાને નમન કરવાને ત્યાં આવ્યો હશે અને જેમ દેલવાડામાં માતાના મંદિર નજીક એક જૈન દેવાલય તેણે બંધાવ્યું તેમ અહીં પણ બંધાવ્યું. જો આ બાબત કબુલ કરવામાં આવે તો એમ સૂચિત થાય છે કે અંબાજીમાં માતાનું મંદિર તે મૂળ જૈન દેવાલય હશે, તથા એમ પણ દર્શિત થાય છે કે હાલ પણ ઘણા જૈનો ત્યાં જાત્રા માટે પ્રથમ જાય છે અને

* મને શંકા છે કે હાલ ત્યાં છે તેના કરતાં વધારે દેવાલયો ત્યાં હશે કે નહિ? જે બળેલા પથ્થરો ત્યાં પડેલા છે તે ઉપરથી એમ જણાય છે કે ત્યાં સાધારણ ઘરો અગર મહેલો હશે. પથ્થરને બળવાને માટે લાકડું જોઇએ અને આ પથ્થરો તેમનાં બારી બારણામાં હશે. દેવળોમાં ખરી રીતે એવું કાંઇ નથી કે જે તેમની મેળે બળી શકે, તેથીજ આ દેવાલયો આગમાંથી બચી ગયાં. જો કે આરાસણ વિષેની મિ. ભાન્ડારકરની હકીકત ખરી છે તો પણ તે કુંભારીઆ વિષે કાંઇ કારણ આપી શકતા નથી. આ વિષય ઘણોજ ઝીણો છે અને તેના વિષે ખાસ નિર્ણય ઉપર આવતા પહેલાં તેની ઘણી તપાસ કરવાની જરૂર છે. આ પુરાણું શહેર ઇ. સ. ૧૬૧૮ પછી નાશ પામ્યું હશે એવા તેમના મતને હું મળતો નથી. ઇ. સ. ૧૪૧૫ માં અહમદશાહ પહેલો સિદ્ધપુરનો રૂદ્રમાળ તોડવા ગયો અને નાગોરની સાથે ધર્મ યુદ્ધ ચલાવ્યું અને પછીના વર્ષમાં જેજે દેવાલયો અને મૂર્તિઓ તેના રસ્તામાં આવ્યાં તે તેણે ભાંગ્યાં. એ આપણે જાણીએ છીએ. ઈ. સ. ૧૪૩૩ માં સિદ્ધપુરની આજુ બાજુનાં ગામો તથા શહેરો ઉજજડ કર્યાં અને જયારે જયારે તેની નજરમાં આવતાં ત્યારે ત્યારે તે દેવાલયોને તોડી નાંખતો. કુતબુદ્દીને કુંભલમેરને ઘેરો ઘાલ્યો અને તેની આજુ બાજુનો પ્રદેશ ઉજજડ કર્યો. વળી, ઇ. સ. ૧૫૨૧ માં મુઝફ્ફરશાહ બીજા એ ડુંગરપુર તથા વાંસવાડાનાં ગામો ઉજજડ કર્યાં અને બાળી મુકયાં. પણ આ બધી વિગતો વિષે ચર્ચા ચલાવતાં ઘણો વખત લાગશે અને તેથી તે કામ આ પ્રોગ્રેસ રીપોર્ટમાં બનવું અશક્ય છે. H. C.



Jain Education International        For Private & Personal Use Only        www.jainelibrary.org

કુંભારીઆમાં પડી જાય છે. જ્યારે જુના નગરનો નાશ કરવામાં આવ્યો અને અંબામાતાનું દેવાલય બ્રાહ્મણોના હાથમાં આવ્યું ત્યારે આ પુરાણા નગરના વિનાશને માટે કારણ તરીકે આ અંબામાતાની હકીકત બ્રાહ્મણોએ જોડી કાઢી હશે.